# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-10-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*****************************************************

1. ભારતના મુખ્ય  ન્યાયાધીશ ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું છે કે જ્યારે બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન થતું  હોય ત્યારે અદાલતોનો હસ્તક્ષેપ જરૂરી.
2. સ્વદેશી એવુ ત્રીજું એન્ટિ-સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટ માંગરોલ, ભારતીય નૌકાદળમાં સામેલ.
3. સ્થાનિક કોલસા આધારિત પાવર પ્લાન્ટ્સમાં ગયા મહિનાની  29મી તારીખથી કોલસાનો જથ્થો 18 મિલિયન ટન પર સ્થિર.
4. બેન્કિંગક્ષેત્રના શેરોમાં વેચવાલીના પગલે શેરબજારમાં કડાકો.
5. દક્ષિણ કોરિયાના  પૂર્વીય સમુદ્રી ક્ષેત્ર તરફ ઉત્તર કોરિયાએ અનેક બેલિસ્ટિક મિસાઇલો છોડી હોવાનો દાવો.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# CJI - HUMAN RIGHTS

ભારતના મુખ્ય ન્યાયાધીશ ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું છે કે જ્યારે બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન થતું હોય ત્યારે અદાલતોએ હસ્તક્ષેપ કરવો જોઈએ. નવી દિલ્હીમાં NHRC ના 33મા સ્થાપના દિવસના સંબોધનમાં, ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે, બંધારણે દરેક નાગરિકને ગૌરવ , સમાનતા, સ્વતંત્રતા અને ન્યાય સહિત વ્યાપક વચનો આપ્યા છે.

(BYTE: SI SURYAKANT CJI)

તેમણે કહ્યું કે , માનવ અધિકાર પંચોએ ફરિયાદોની તપાસ કરવી જોઈએ , પ્રણાલીગત નિષ્ફળતાઓને તારવી અને તેના ઉકેલના પ્રયાસો કરવા જોઇએ.

ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે માનવ અધિકારો માનવ ગૌરવ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે અને તેમાં આરોગ્યસંભાળ , ખોરાક, આશ્રય, આજીવિકા અને સ્વચ્છ વાતાવરણની પહોંચનો સમાવેશ થાય છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે કમિશન માનવ અધિકાર સંરક્ષણને મજબૂત બનાવવાનું અને ન્યાય , ગૌરવ અને જવાબદારીને પ્રોત્સાહન આપવાનું યથાવત રાખશે.

તેમણે ભાર મૂક્યો કે NHRC એ છેલ્લા 33 વર્ષોમાં 24 લાખથી વધુ કેસ નોંધ્યા છે અને 23 લાખથી વધુ કેસોનો નિકાલ કર્યો છે, જેનાથી 98 ટકાથી વધુનો નિકાલ દર પ્રાપ્ત થયો છે.

# CJI - INDIA BLOCK MEETING

ભારતના મુખ્ય ન્યાયાધીશ , ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું છે કે સુપ્રીમ કોર્ટના દરવાજા દરેક માટે ખુલ્લા છે અને કોઈપણ સામાન્ય નાગરિક અથવા ચૂંટાયેલી સંસ્થાના સભ્યની કોઈપણ અરજીનું સ્વાગત છે. તેમણે કહ્યું કે દરેક ભારતીય નાગરિકને કોર્ટનો સંપર્ક કરવાનો અધિકાર છે , અને કોર્ટ તેમની ચિંતાઓ સાંભળશે અને કાયદા હેઠળ જે પણ રાહત મળશે તે આપશે.

(BYTE: CJI SURYAKANT)

ઈન્ડિયા બ્લોકની મીટિંગની માંગણીનો જવાબ આપતા , ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે તેમને ગઈકાલે એક પત્ર મળ્યો હતો જેમાં મુલાકાત માટે વિનંતી કરવામાં આવી હતી અને ગઈકાલે રાત્રે જવાબ આપ્યો હતો , જેમાં તેઓ શા માટે તેમને મળી શક્યા નથી તેની સ્પષ્ટતા કરી હતી.

# DAY INS MANGROL

કોચીન શિપયાર્ડ લિમિટેડ ( CSL), કોચી દ્વારા બનાવવામાં આવેલ ત્રીજું એન્ટિ-સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટ માંગરોલ , આજે સવારે મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે ભારતીય નૌકાદળમાં કાર્યરત થયું.

ગુજરાતના જૂનાગઢ જિલ્લામાં આવેલા દરિયાકાંઠાના શહેર અને ટોચના માછીમારી બંદર , માંગરોલના નામ પરથી 07 એપ્રિલ 2004 સુધી ભારતીય નૌકાદળમાં સેવા આપતું માઇનસ્વીપર ભૂતપૂર્વ INS માંગરોલ (M85) ના વારસાને આગળ ધપાવે છે . જહાજનું નામકરણ તેના ભૂતપૂર્વ યુદ્ધ જહાજોના વારસાને જાળવવાની નૌકાદળની પરંપરાને યથાવત રાખી છે.

80 ટકાથી વધુ સ્વદેશી સામગ્રી સાથે બનેલ , માંગરોલ યુદ્ધ જહાજ ડિઝાઇન , બાંધકામ અને અદ્યતન શસ્ત્રો અને સેન્સરના એકીકરણમાં ભારતની વધતી જતી ક્ષમતાઓને પ્રતિબિંબિત કરે છે. સરકારની 'મેક ઇન ઇન્ડિયા ' અને 'આત્મનિર્ભર ભારત' પહેલ હેઠળ CSL દ્વારા બનાવવામાં આવેલ , આ જહાજ સંરક્ષણ જહાજ નિર્માણમાં આત્મનિર્ભરતા તરફનું બીજું એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે.

દરિયાકાંઠાના અને છીછરા પાણીમાં પાણીની અંદરના ખતરાઓને શોધવા અને તેનો સામનો કરવા માટે રચાયેલ, માંગરોલ આધુનિક શસ્ત્રો અને સે ન્સરથી સજ્જ છે.

# RIYADH ATTACK – 1

રવિવારે રિયાધમાં સાઉદી અરેબિયાના કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર બીજો હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં જનરલ ઓથોરિટી ઓફ સિવિલ એવિએશન ( GACA) એ અહેવાલ આપ્યો હતો કે ઇજાઓ અને નુકસાનનું મૂલ્યાંકન ચાલી રહ્યું છે. શનિવારે એરપોર્ટ પર થયેલા હુમલાના એક દિવસ પછી જ તાજેતરની ઘટના બની છે - જે લગભગ એક દાયકામાં સાઉદી અરેબિયા પર થયેલા સૌથી ઘાતક હુમલાઓમાંનો એક છે.

અગાઉ, સાઉદીના નેતૃત્વ હેઠળના ગઠબંધને કહ્યું હતું કે હવાઈ સંરક્ષણ દળોએ કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય વિમાનમથક નજીક એક ક્રુઝ મિસાઇલને અટકાવી અને તેનો નાશ કર્યો હતો. ગઠબંધને એ પણ અહેવાલ આપ્યો હતો કે એરપોર્ટ પર ટર્મિનલ 4 પર કોઈ અજાણ્યા અસ્ત્ર દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે આગ લાગી હતી.

અલગથી, GACA એ એમ પણ કહ્યું હતું કે રવિવારે સાંજે દમ્મામમાં કિંગ ફહદ આંતરરાષ્ટ્રીય વિમાનમથકને નિશાન બનાવવામાં આવ્યો હતો. નુકસાનનું મૂલ્યાંકન અને સલામતી નિરીક્ષણ ચાલી રહ્યું છે.

રિયાધમાં ભારતીય દૂતાવાસે રવિવારે માહિતી આપી છે કે રિયાધમાં કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર શનિવારે થયેલા હુમલામાં ઘાયલ થયેલા 11 ભારતીયોમાં એક ભારતીય નાગરિકનું અવસાન થયું છે.

# RIYADH ATTACK – 2

મૃતકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે તે મૃતદેહોને વહેલા સ્વદેશ પરત મોકલવા સહિત તમામ શક્ય સહાય પૂરી પાડવા માટે તેમના સંપર્કમાં છે. વિદેશ મંત્રી એસ જયશંકરે મૃત્યુ પર દુઃખ વ્યક્ત કર્યું , શોકગ્રસ્ત પરિવારને સંવેદના પાઠવી. તેમણે કહ્યું કે દૂતાવાસ આ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્તોને મદદ કરવા માટે શક્ય તેટલી બધી મદદ કરી રહ્યું છે અને જરૂરી બધું કરી રહ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SEVA SANKALP ABHIYAN - MERA YUVA BHARAT MY BHARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ થયા છે. તે અંગેની અમારી વિશેષ શ્રેણીમાં આજે અમે આપને જણાવીશું મેરા યુવા ભારત – માય ભારત પહેલ વિશે......

## [CAPSULE: KARAN MAKWANA]

*(31 ઓક્ટોબર, 2023 ના રોજ શરૂ કરાયેલી માય ભારત પહેલ એ ભારત સરકારની યુવા-કેન્દ્રિત પહેલ છે. જેનો ઉદ્દેશ્ય દેશના યુવાનોને રાષ્ટ્રનિર્માણ સાથે જોડવાનો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું માય ભારત સંગઠન 21મી સદીમાં રાષ્ટ્રનિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવશે.*

*BYTE- PM NARENDRA MODI*

*છત્તીસગઢમાં માય ભારતના રાજ્ય નિર્દેશક , અર્પિત તિવારીએ જણાવ્યું કે આ સંગઠન દ્વારા , છત્તીસગઢના યુવાનો રાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ બનાવી રહ્યા છે.*

*BYTE - ARPIT TIWARI*

*માય ભારત પહેલનો ઉદ્દેશ્ય યુવાનોમાં નેતૃત્વ કૌશલ્ય , જવાબદારીની ભાવના અને નાગરિક ભાવના વિકસાવવાનો અને તેમને વિકસિત ભારતના નિર્માણમાં સક્રિય ભાગીદાર બનાવવાનો છે.*

*વિકલ્પ શુકલાના અહેવાલ સાથે કરણ મકવાણા આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# PM NAVRATRI SECOND DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવરાત્રીના બીજા દિવસે શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે નવરાત્રીનો બીજો દિવસ તપસ્યા, બલિદાન અને સંકલ્પના પ્રતીક દેવી બ્રહ્મચારિણીની પૂજાને સમર્પિત છે. પ્રધાનમંત્રીએ દેવી બ્રહ્મચારિણી દરેકને હિંમત અને આત્મસંયમનું આશીર્વાદ આપે તેવી પ્રાર્થના કરી.

# COAL – STOCKS

સ્થાનિક કોલસા આધારિત પાવર પ્લાન્ટ્સમાં ગયા મહિનાની 29મી તારીખથી કોલસાનો જથ્થો 18 મિલિયન ટનથી ઉપર સ્થિર રહ્યો છે. કોલસા મંત્રાલયે માહિતી આપી હતી કે આ મહિનાની 10મી તારીખે કોલસાનો જથ્થો 18.205 મિલિયન ટન હતો. મંત્રાલયે જણાવ્યું હતું કે પૂરતો પુરવઠો જાળવવા અને અવિરત વીજ ઉત્પાદન સુનિશ્ચિત કરવા માટે તેમની જરૂરિયાતો અનુસાર સંવેદનશીલ પાવર સ્ટેશનોમાં કોલસાનું પુનઃવિતરણ કરવામાં આવી રહ્યું છે. મંત્રાલય કોલ ઇન્ડિયા લિમિટેડ ( CIL), SCCL, રેલ્વે મંત્રાલય અને વીજ ઉપયોગિતાઓ સાથે ગાઢ સંકલનમાં કામ કરવાનું ચાલુ રાખે છે જેનાથી થર્મલ પાવર પ્લાન્ટ્સમાં કોલસાનો પૂરતો સ્ટોક જળવાઈ રહે.

# STOCKS 1200

ભારતીય શેરબજારમાં આજે બપોરના સત્રમાં સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો અડધા ટકાથી વધુ ઘટીને ટ્રેડ થઈ રહ્યા હતા. છેલ્લા અહેવાલો મળ્યા સેન્સેક્સમાં 550 થી વધુ અને નિફ્ટીમાં 140 થી વધુ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. ક્ષેત્રીય મોરચે, PSU બેંકો, ટેલિકોમ્યુનિકેશન અને FMCG સૌથી વધુ ખેંચાઈ રહ્યા હતા. તેનાથી વિપરીત, મીડિયા, હાઉસિંગ ફાઇનાન્સ અને કેપિટલ ગુડ્સ વૃદ્ધિમાં આગળ રહ્યા હતા.

# N. KOREA MISSILE LAUNCH

દક્ષિણ કોરિયાએ જણાવ્યું કે, ઉત્તર કોરિયાએ આજે સવારે તેના પૂર્વીય સમુદ્રી ક્ષેત્ર તરફ અનેક બેલિસ્ટિક મિસાઇલો છોડી છે. આ પગલાથી આ ક્ષેત્રમાં તણાવ વધુ વધ્યો છે. દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફે કહ્યું કે , આ મિસાઇલો ઉત્તર કોરિયાની રાજધાની પ્યોંગયાંગની આસપાસના વિસ્તારમાંથી છોડવામાં આવી હતી.

જાપાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે , તેણે બે મિસાઇલો શોધી કાઢી છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર , આ મિસાઇલો જાપાનના વિશેષ આર્થિક ક્ષેત્રની બહાર સમુદ્રમાં પડી હતી. આ પ્રક્ષેપણ એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે શુક્રવારે દક્ષિણ કોરિયાએ તેની પ્રથમ સ્થાનિક રીતે વિકસિત હાઇપરસોનિક મિસાઇલનું ફ્લાઇટ પરીક્ષણ કર્યું હતું. આ ક્ષેત્રમાં વધતા તણાવને કારણે દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગના પ્રયાસોને ફટકો પડ્યો છે, જે ઉત્તર કોરિયા સાથે વાતચીત અને સહયોગના પક્ષમાં છે.